## દાઉદ રાજાએ બુરી આદત તોડી
## બાળકોને શિખવો કે દેવપિતા તેમના જીવનોમાંથી પાપની તાકાતને કેવી રીતે તોડે છે.

**પ્રાર્થના** - વ્હાલા પ્રભુ દાઉદ અને બાથશેબાની વાર્તા દ્વારા બાળકો તેમના જીવનમાંથી હાનિકારક આદતો તોડતા શીખે તેવું થવા દો.

**૨ શમૂ. ૧૧ અને ૧૨:૧-૨૩** વાંચો. અને દાઉદના જીવનમાંથી દુર્વાસનાનું પાપ પ્રભુએ કઈ રીતે તોડીને દૂર કર્યું તે સમજાવવા તૈયારી કરો.

કોઈ મોટો છોકરો આ વાર્તા મોઢે કહે. પછી ૨ શમૂ ૧૧:૧-૧૭માંથી આ પ્રશ્નો પૂછો. જવાબો સાથે જ આપેલા છે.



- પોતાની ન હતી તેવી કઈ વસ્તુ દાઉદ રાજાએ લીધી ? (જવાબ માટે ક. ૪ જૂઓ. દાઉદ રાજા હતો માટે પોતે ચાહે તે વસ્તુ લઈ લેવા માટે ટેવાએલો હતો. આ પાપયુક્ત આદત હતી. પરિણામ એ આવ્યું કે તેણે વ્યભિચાર કર્યો).
- દાઉદ રાજાએ ઉરીયાહને ફસાવવા કેવું કાવતરૂં કર્યું ? (ક. ૮ જુઓ)
- એક પાપ દ્વારા દાઉદે બીજા પાપ કેવી રીતે કર્યા ? (ક.૧૩ અને ૧૪ જુઓ. ઘણીવાર આપણે એક પાપ ઢાંકવાના પ્રયાસમાં તેનાથી ખરાબ બીજા પાપ કરીએ છીએ. પોતાનું વ્યભિચારનું પાપ ઢાંકવાના પ્રયત્નમાં તેણે જુઠાણાનું અને ખૂનનું પાપ પણ કર્યું )

૨ શમૂ. ૧૨:૧-૪માંના **પ્રશ્નો**

- તેનું પાપ કબૂલાવવા માટે નાથાન પ્રબોધકે દાઉદને શું કહ્યું ?
  (ક.૧ જૂઓ. તેણે વાર્તા કહી. આપણે આપણું પાપ કબૂલ કરીએ, આપણા પાપની જવાબદારી સ્વીકારીએ માટે આપણે માટે પ્રાર્થના કરવા માટે દેવ ઘણીવાર જ્ઞાની માણસોનો ઉપયોગ કરે છે.)
- દેવે તેના જીવનમાંથી પાપનું સામર્થ્ય તોડ્યું તે પહેલાં દાઉદે શું કરવું જરૂરી હતું ?
  (કલમ ૧૩)
- શું દેવે દાઉદને ક્ષમા આપી ?
  (કલમ ૧૩)
- દાઉદના પાપનું પરિણામ શું આવ્યું ?
  (કલમ ૧૪)

દાઉદ અને બાથશેબાની વાર્તાનું **નાટક ભજવો.**

- બાળકો આ નાટક સભામાં ભજવે માટે મુખ્ય આગેવાનની મંજુરી લો.
- મોટા છોકરા નાના છોકરાઓને મદદ કરે.
- **મોટા છોકરા** અથવા સભાજન માંથી કોઈ નાથાન, દાઉદ, બાથશેબા, ઉરિયાહ તેમજ વર્ણન કરનારના ભાગ ભજવે. વર્ણન કરનારે વાર્તાનું સંક્ષેપીકરણ કરવું અને ભાગ લેનારાઓને સંવાદો તૈયાર કરવામાં મદદરૂપ થવું.
- નાના બાળકો નીચેના પાત્રો ભજવે તીર મારનાર, શ્રીમંત માણસ, દરિદ્ર માણસ, પાળેલું હલવાન (ઘેટાંનુ બચ્ચું) અને ઘેટું.
- નાટકમાં શક્ય એટલા ઓછા સંવાદો રાખવા.
- જો બાળકોની સંખ્યા ઓછી હોય તો ઘેટાનું પાત્ર રદ કરવું. શ્રીમંત માણસ કેવળ તેને ગણવાનો અભિનય કરે.

**વર્ણન કરનાર** : ૨ શમૂ. ૧૧:૧-૧૭ માંથી વાર્તાનો પ્રથમ ભાગ કહી જાય. પછી બોલે, 'સાંભળો, દાઉદ પોતાના મનમાં શું બોલે છે.'

**દાઉદ :** ભભકાથી ચારે તરફ  ચાલતા અભિમાનથી જુએ છે. પછી કહે છે, 'હું રાજા છું. હું ધારૂં તે કરી શકું છું. મને જે જોઈએ તે હું લઈ શકું છું.'

**બાથશેબા :** દાઉદની આગળ ચાલે છે. પોતાના હાથ ધોતી હોય તેવો અભિનય કરે છે.

**ઉરિયાહ :** ત્યાં ઊભો છે. પણ તે પોતાની પત્ની બાથશેબા કે દાઉદની તરફ જોતો નથી.

**દાઉદ** : બાથશેબા પર નજર પડે છે. આજુબાજુ કોઈ જુએ છે તેમ પણ જોઈ લે છે. પછી હાથ વડે બાથશેબાને બોલાવવા માટે લલચામણો ઈશારો કરે છે.

**બાથશેબા** : દાઉદની આજ્ઞા માને છે અને તેની સાથે જાય છે.

**બાણાવડી** : ઉરિયાહ તરફ જાય છે, અને તેના તરફ તીર છોડવાનો અભિનય કરે છે. તીર છોડ્યાનો 'ટ્વેન્ગ' અવાજ તે કાઢે છે.

**ઉરિયાહ** : પોતાની છાતી ઉપર હાથ જોરથી દાબે છે. અને પીડાથી મરણ ચીસ નાખે છે. જમીન પર પડી જાય છે અને મરણ પામે છે.

**વર્ણન કરનાર** :  ૨ શમૂ. ૧૨:૧-૪ માંથી વાર્તાનો બીજો ભાગ કહે છે.

પછી બોલે, 'નાથાન પ્રબોધક દાઉદ રાજાને શું કહે છે તે સાંભળો.'

નાથાન. "દાઉદ રાજા, કૃપા કરીને ધ્યાન આપો. હું તમને એક વાર્તા કહેવા માંગું છું."

**પાળેલું હલવાન** : પોતાના માલિક દરિદ્ર માણસ પાસે ઘૂંટણે ચાલીને જાય છે. અને બેં-બેં અવાજો કાઢે છે.

**દરિદ્ર માણસ** : "ખૂબ સરસ નાનું ઘેટું છે" ઘેટાને પાળો.

**ઘેટું** : ઘેટાંને ચાલે અને શ્રીમંત માણસ ની આજુબાજુ વીટળાઈ વળે.

**શ્રીમંત માણસ** પોતાના ઘેટાં એક, બે એમ મોટેથી ગણે છે. પછી કહે, 'મારે એક ઘેટાંનું શાક ખાવું છે.' પછી પેલા દરિદ્ર માણસના ઘેટા તરફ આંગળી બતાવીને બોલે, 'પેલું સરસ છે' એમ કહીને તે જઈને તે ઘેટું લઈ લે છે. તેનું ડોકું કાપી નાખવાનો અભિનય કરે અને ઘેટું પડી જાય.

**નાથાન :** 'હે રાજા, તેં આ જ કૃત્ય કર્યું છે. જે તારું ન હતું તે તેં લઈ લીધું છે. તું મરણ દંડને યોગ્ય છે.'

**દાઉદ રાજા :** ''હું પસ્તાવો કરૂં છું. કદાચ પ્રભુ મને માફ કરે. આ પાપ મારા જીવનમાં મોટું અને મોટું થતું જતું હતું પણ હવે પાપના આ સામર્થ્યને તોડવા માટે પ્રભુ એ તમારો ઉપયોગ કર્યો છે. હવેથી હું સારૂં જીવન જીવવાનો પ્રયત્ન કરીશ.''

**નાથાન** ''દેવ તને માફ કરે છ પણ તારા પાપના પરિણામો ખરાબ આવશે. બાથશેબાનું બાળક મરણ પામશે.''

બાળકોએ જો આ નાટક સભાજનો માટે તૈયાર કર્યું હોય તો તેમને ઉપરના સૂચિના પ્રશ્નો પૂછવા દેવા.



ભજનસેવા વખતે બાળકો પોતાના ચિત્રો દર્શાવે.

આ ચિત્રો પાપ દર્શાવે છે અને જંગલી છોડની માફક બગીચામાં ચારે તરફ ફેલાઈ જાય છે એમ પાપ બીજા રોપા ઉપજાવે છે (જો આપણે તેને નિર્મૂળ ન કરીએ તો) જ્યારે આપણે આપણા પાપ માટે દુ:ખી થઈએ અને પ્રભુ પાસે આવીએ, તેની ક્ષમા માંગી તો પ્રભુ આ પાપની તાકાતમાંથી આપણને છોડાવે છે. અને ક્ષમા આપે છે.

**ચર્ચા**- લોકોના જીવનોમાં પકડ જમાવી બેઠેલી બુરી આદતો પ્રભુ એ તોડી હોય તેવા બીજા દ્દષ્ટાંતો બાળકોને અને સભાજનોને આપવાનું કહો.

ચાર બાળકો ગી.શા. ૫૧ ની ૧૪-૧૭ ચાર કલમો મુખપાઠ બોલી જાય.

ગી.શા. ૫૧ ના શબ્દો અને વિચારો રજુ કરતું ગીત બનાવવાનું મોટા છોકરાઓને કહો.

ગી.શા. ૫૧:૧૨ **મુખપાઠ કરાવો.**

**પ્રાર્થના** - વ્હાલા પ્રભુ, ઘણીવાર અમારા જીવનમાં એવું પાપ હોય છે જે મોટું અને મોટું થતું જાય છે. અમે તેની તાકાત તોડી શકતા નથી. તે માટે પસ્તાવો કરવા માટે અમારી સહાય કરો. એવા સમજદાર સેવકો અમારી સહાય માટે આપો કે જેઓ અમને આવા પાપોથી દૂર રાખે. પવિત્ર જીવન જીવવા માટે તમારું સામર્થ્ય અમને આપો. પ્રભુ ઈસુના નામમાં, આમેન.

Copyright © 2004 by Paul-Timothy. Download Paul-Timothy studies freely from www.Paul-Timothy.net.